કર્મચારીને આત્મહત્યાની દુષ્પ્રેરણા આપવા બદલ અધિકારી સહિત બે સામે ગુનો

# કેસ પતાવવા અધિકારીએ રૂ.૧૩ લાખ પડાવ્યા બાદ વધુ નાણાં માંગતા પોસ્ટકર્મીનો આપઘાત

## ૧૫ લાખની ઉચાપતના કેસમાં ખોટી રીતે ટોર્ચર કરવામાં આવતા કર્મચારીએ કંટાળીને અંતિમ પગલું ભર્યું

। વલસાડ ।

સેલવાસની પોસ્ટ ઓફિસમાં ફરજ સમયે પોસ્ટ અસિસ્ટન્ટની આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને કોઈક ભેજાબાજે પોસ્ટ મસ્તારના ખાતામાંથી ૧૫ લાખની ઉચાપત કરી હતી. આ બાબતે ચાલી રહેલી તપાસ દરમિયાન પોસ્ટ અસિસ્ટન્ટને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો. દરમિયાન આ સસ્પેન્ડેડ પોસ્ટ આસિસ્ટન્ટે પારનેરા ડુંગર પર જઈને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટનામાં તપાસ પતાવવા ૧૩ લાખ પડાવી લેવાયા ઉપરાંત વધુ પાંચ લાખની માંગ કરાતા કર્મચારીએ કંટાળીને અંતિમ પગલું લીધું હોવાના ઉલ્લેખવાળી સ્યુસાઈટ નોટ પણ મળી આવી છે.

મળતી વિગતો મુજબ મુળ બોટાદની આશિષ સોસાયટીના રહીશ ખીમજીભાઈ ધનજીભાઈ વાઘેલા અગાઉ સેલવાસ ખાતેની પોસ્ટ ઓફિસમાં પોસ્ટ અસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા અને સરીગામ ખાતે તેની શિક્ષિકા પત્ની સહિતની બે પુત્રીઓ સાથે રહેતા હતા. સેલવાસની પોસ્ટ ઓફિસમાં ફરજ દરમિયાન કોઈક અજાણ્યા ઈસમે ખીમજીભાઈના આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને પોસ્ટ માસ્તરના ખાતામાંથી રૂ ૧૫ લાખ ઉપાડી લીધા હતા. જે બાબતે તપાસ ચાલી રહી હોવાથી ખીમજીભાઈને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા અને તેને પોસ્ટ આસિસ્ટન્ટ તરીકે વલસાડ ડિવિઝન પોસ્ટ ઓફિસમાં ફરજ મુકવામાં આવ્યા હતા. દરમિયાન ખીમજીભાઈએ ગત તા ૧૦/૦૩/૨૫ના રોજ પારનેરા ડુંગર ઉપર ગળે ફાંસો ખાઈ જીવતર ટૂંકાવી લીધું હતુ. ઘટના બાદ પરિજનોને ખીમજીભાઈના ખિસ્સામાંથી એક સ્યૂસાઈડ નોટ મળી આવી હતી. આ સ્યુસાઈડ નોટમાં ખીમજીભાઈએ લખ્યું હતુ કે, ગત તા. ૧૬/૦૩/૨૩ના રોજ સેલવાસ પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્તર મનીષ પટેલે તેને કોલ કરી તેમના ખાતામાંથી ઉપડી ગયેલી ૧૫ લાખની ભરપાઈ કરવા જણાવ્યું હતું. જે બાદ તા. ૦૨/૦૬/૨૩ના રોજ સેલવાસના પોસ્ટ માસ્તરને રોકડા રૂ ૧૫ લાખ ચૂકવી દીધા હતા. જેની પોસ્ટ માસ્તરે રસીદ પણ આપી હતી. પરંતુ તે પછી ઈન્કવાયરી પતાવવા માટે વલસાડ ડિવિઝન પોસ્ટ ઓફિમાં ફરજ બજાવત તલગાવકર નામના કોઈક અધિકારી અને તેના સાગરિતે તેમને (ખીમજીભાઈને) સતત માનસિક ત્રાસ આપવા ઉપરાંત અસામાજિક તત્વો પાસે ધાક ધમકી અપાવી ૫ લાખની માંગ કરી હતી. આથી તેઓના ત્રાસથી ત્રસ્ત થઈને અંતિમ પગલું ભરું છુ. ખીમજીભાઈની સ્યુસાઈડ નોટને આધારે જ તેના પિતાએ ઘટનાના ૧૫ દિવસ બાદ વલસાડ ડિવીઝનલ પોસ્ટ ઓફિસના તલગાવકર નામના અધિકારી તથા અન્ય ઈસમો સામે પોતાના પુત્રને આત્મહત્યા કરવાની દુષ્પ્રેરણા આપવા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

## પશુપાલનની આડમાં ગાંજાની હેરાફેરી કરતો યુવક ઝડપાયો

સુરત : પશુપાલનની સાથે સાથે ગાંજાની પણ હેરાફેરી કરીને શોર્ટકટમાં રૂપિયા મેળવતા પશુપાલકને પોલીસે પકડીને રૂ. ૭૯ હજારની કિંમતનો ૮ કિલો ગાંજો પકડી પાડ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ ડિંડોલી પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે પીઆઈ આર.જે.ચુડાસમાને મળેલી બાતમીને આધારે પોલીસે ડિંડોલી નવાગામ પાસે બિલીયાનગરમાં એક મકાનમાં રેડ પાડી હતી. ત્યાંથી પોલીસે દિનેશ બોધાભાઈ ભરવાડને પકડી પાડ્યો હતો. પોલીસે તેની પૂછપરછ કરીને ઘરમાં તપાસ કરતા રૂ. ૭૯ હજારની કિંમતનો ૮ કિલો જેટલા ગાંજાનો માલને પકડી પાડ્યો હતો. પોલીસે દિનેશની પૂછપરછ કરતા તે ડિંડોલી વિસ્તારમાં જ પશુપાલનના કામ સાથે સંકળાયેલો હતો, પરંતુ શોર્ટકટમાં રૂપિયા મળતા તેણે ગાંજાનો વેપલો શરૂ કર્યો હતો. પોલીસે તેની ધરપકડ કરી હતી.

કાલુપુર બેંક
ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.
સ્થાપના:૧૯૭૦
મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક
હેડ ઓફિસઃ 'કાલુપુર બેંક ભવન', આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.
ફોન : ૨૭૫૮૨૦૨૦-૨૬ ટોલ ફ્રી : ૧૮૦૦ ૨૩૩ ૯૯૯૯૯

**ખાસ સાધારણ સભાની નોટીસ**

આથી ધી કાલુપુર કોમર્શિયલ કો.ઓપ.બેંક લિ.ના સર્વે સભાસદોને જણાવવાનું કે, બેંકની **ખાસ સાધારણ સભા, તા. ૦૯-૦૪-૨૦૨૫ને બુધવાર**ના રોજ સાંજના ૪:૦૦ કલાકે, જે. બી. ઓડિટોરિયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA), અટીરા કેમ્પસ, ડૉ. વિક્રમ સારાભાઇ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૧૫ ખાતે નીચે જણાવેલ કાર્યસૂચિ પ્રમાણે કામકાજ કરવા સારૂ મળશે, જેની નોંધ લઇ આપશ્રીને સમયસર હાજર રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ :**

૧) અમરનાથ કો.ઓપ. બેંક લિ., જેની રજીસ્ટર્ડ ઓફિસ "આભુષણ" ૧૭, મહાદેવનગર સોસાયટી, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ખાતે આવેલી છે. સદર બેંકનું ધી કાલુપુર કોમર્શિયલ કો.ઓપ.બેંક લિ.માં વિલીનીકરણ (મર્જર) કરવાની સ્કીમ અંગે નિર્ણય લઇ જરૂરી મંજૂરી આપવા બાબત.

૨) પ્રમુખ સ્થાનેથી જે કોઇ બાબત રજૂ થાય તે ઉપર વિચારણા કરવા તથા નિર્ણય લેવા બાબત.

તા.૨૬-૦૩-૨૦૨૫
સ્થળ : અમદાવાદ

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી
વિરાગ જી. શાહ
(ઈન્ચાર્જ સી.ઈ.ઓ.)

**નોંધ :** (૧) કોરમના અભાવે સભા મુલતવી રહેશે તો તે જ દિવસે તે જ સ્થળે અડધા કલાક બાદ સભા ફરીથી મળશે. જેમાં હાજર રહેલા સભ્યોના કોરમથી સભા કાયદેસર ગણાશે અને કાર્યસૂચિ મુજબની કાર્યવાહી કરાશે. (૨) વિલીનીકરણ (મર્જર) મુસદ્દો બેંકની મુખ્ય ઓફિસે અભ્યાસ માટે મુકવામાં આવ્યો છે.

**INDIAN COAST GUARD**
**(RECRUITMENT OF ENROLLED FOLLOWERS- MALE CANDIDATES ONLY LAST DATE FOR RECEIPT OF APPLICATION – 10 MAY 2025) FOR (DAMAN & DIU, DADRA AND NAGAR HAVELI ONLY)**

1. Applications are invited only from Male Indian Citizens with domicile of (Daman & Diu, Dadra and Nagar Haveli only) possessing educational qualification and age as prescribed below for the recruitment for the post of Enrolled Follower (Sweeper/Safaiwala) in Indian Coast Guard, an Armed Force of the Union.

| Type of Post | Vacancy | Educational Qualification | Age |
|---|---|---|---|
| Enrolled Follower (Sweeper/Safaiwala) (Group 'C' Non Gazetted) | UR-01 OBC-01 | Matriculation or Industrial Training Institute (ITI) or equivalent from Board or Education recognized by Central/State Govt. | UR Candidate should be born between 31 Jan 2000 to 30 Jan 2007 (both dates inclusive). Upper age limit relaxable upto 03 years for OBC. |

*UR- Un-Reserved *OBC- Other Backward class.

2. Description of duties Post is of Sweeper/Safaiwala and duties includes maintaining hygiene, sweeping, Mopping, cleaning of drains, cleaning of toilets, maintenance of septic tank/sewer lines/Bathrooms onboard Indian Coast Guard Ships, Shore establishment premises.
3. Indian Coast reserve the right to cancel the recruitment process at any any stage without assigning any reason.
4. Scan the QR code to know how to apply and the selection process and also visit our website www.joinindiancoastguard.cdac.in/cgept

No : IP/DMN/2/5/2025-26/286 dated : 25/03/2025



મ્યુચ્યુઅલ ફંડમાંનાં રોકાણો બજારનાં જોખમોને આધિન છે. સ્કીમ સંબંધિત બધા જ દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

## મહિલા સાથે મારામારી કરનાર આરોપીને ત્રણ વર્ષની કેદ

સુરતઃ અમરોલીમાં મહિલાની સાથે દારૂના આક્ષેપ કરીને મારામારી કરનાર યુવકને કોર્ટે તકસીરવાર ઠેરવીને ૩ વર્ષ કેદની સજાનો હુકમ કર્યો હતો. આ કેસની વિગત મુજબ અમરોલી પાસે છાપરાભાઠા નજીક ટેકરા ફળિયામાં રહેતો રમેશ રવજીભાઈ રાઠોડે તા. ૨૧-૦૮-૨૦૧૪ના રોજ ઘર નજીક જ રહેતા એક મહિલાની સાથે ગાળાગાળી કરીને માર માર્યો હતો. જે અંગે મહિલાએ રમેશની સામે અમરોલી પોલીસમાં ફરિયાદ કરાતા પોલીસે રમેશની ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યો હતો. આ કેસ ચાલી જતાં સરકારી વકીલ એ.ટી. પરમારે દલીલો કરીને આરોપીને સજા કરવા રજૂઆત કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો બાદ આરોપીને ૩ વર્ષ કેદની સજાનો હુકમ કર્યો હતો.

## રાંદેરમાં ચાલતા પીજીમાંથી એક સાથે ૮ મોબાઈલની ચોરી

સુરત : રાંદેરમાં પીજી તરીકે રહેતા આઠ વ્યક્તિના મોબાઈલ એક સાથે ચોરાતા પોલીસ દોડતી થઈ હતી. આ તમામના મોબાઈલ સવારે પાંચ વાગ્યાના અરસામાં ચોરાયા હોવાની વિગતો સાંપડી છે. પ્રાપ્ત વિગતો મુજબ આર્શિવાદ સોસાયટી, નવયુગ કોલેજ પાસે રહેતા ભુમારામ મદનલાલ મેઘવાલ પી.જી. ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ભુમારામ સુરતમાં ત્રણ અલગ અળગ જગ્યાએ પીજી (પેઈન ગેસ્ટ) બહારના લોકોને ભાડેથી રૂમ આપે છે. સવારના સમયે નવયુગ કોલેજ પાસેના પીજી હાઉસમાંથી એ ભાડુઆતનો ફોન આવ્યો હતો અને કહ્યું કે, મોબાઈલ ચોરાયા છે. તપાસ કરતા કુલ્લે ૮ વ્યકિતના મોબાઈલ ચોરાયા હતા. આ અંગે રાંદેર પોલીસમાં ફરિયાદ કરાતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.




